# ટોરોંટો માં પોલીસ ની સેવાઓ વિષે માર્ગદર્શન

નમસ્તે, હું મુખ્ય પોલીસ અધિકારી  વિલિયમ બ્લેર છું

ટોરોંટો પોલીસ  વિષે આપ જાણો છો કે તે દુનિયા ના સૌ થી વધુ બહુસંસ્કૃતિક શહેર ની સેવા કરે છે. તમે કોઈ પણ દેશ ના હોવ, કોઈ પણ ભાષા બોલતા હોવ, અમારા  અધિકારીઓ તમારી મદદ માટે હમેંશા તૈયાર રહે છે

જેમકે તમારા દૈનિક જીવન માં તમે પોલીસ અધિકારીઓ ને તમારા પડોશ ની શેરીઓ માં નજર રાખતા જોશો

તેવો ચાલતા હશે, કાર  ચલાવતા હશે કે પછી સાયકલ પર સવાર હશે. તેવો બધા તમારી મદદ માટે જ હોય છે

હું તમને આ અધિકારીઓ સાથે વાત કરવા પ્રોત્સાહિત કરું છું. તમારા વિષે, તમારી વસાહત વિષે અને તમારી સલામતી સંદર્ભે ચિંતા હોય તો તેમને જણાવો

આ વિડિઓ આપને  પોલીસ વિષે વધુ જાણવા માં મદદ મળી શકે અને આપ પોલીસ અધિકારીઓ પાસે થી શું અપેક્ષા રાખી શકો તેની જાણકારી  માટે તૈયાર કરાયો છે.

તે આપને કેહેશે કે મદદ ની જરૂર હોય ત્યારે આપ પોલીસ નો સંપર્ક કેવી રીતે કરી શકો છો. પોલીસ સાથે કામ કરતી વખતે તમારા અધિકારો અને જવાબદારીઓ વિષે પણ માહિતી આપશે

ટોરોંટો પોલીસ સેવા ને ગર્વ છે કે તે વિભિન્ન સમુદાયો ની સેવા ને પ્રતીબીમ્બીત કરે છે. અમે વિભિન્ન સમુદાયો ની ભાગીદારી સાથે ટોરોંટો ને સૌથી સલામત અને  શ્રેષ્ઠ પોલીસની સેવાઓ  આપવા માટે સમર્પિત છીએ

આ વિડિઓ તમને ટોરોંટો પોલીસ સર્વિસ  જે  સેવા ઓ આપે છે અને તમારે જરૂર હોય ત્યારે તમે પોલીસ ની મદદ કેવી રીતે લઈ શકો તે વિષે માહિતી આપશે

તે પોલીસ અને લોકો ની જવાબદારી અને અધિકારો શું છે તેની માહિતી આપશે.

તે તમને થોડી એ માહિતી પણ આપશે કે પોલીસ લોકો ને શા માટે ઉભા રાખે છે અને તમને પોલીસ ઉભા રાખે તો તમે શું આશા રાખી શકો

## પોલીસ નો સંપર્ક કરવો :

ટોરોંટો પોલીસ નો કટોકટી માં સંપર્ક કરવો હોય તો ફોન નંબર છે ૯૧૧

કટોકટી ના હોય તો ફોને નંબર છે ૪૧૬-૮૦૮-૨૨૨૨

૯-૧-૧ માત્ર કટોકટી માટે જ છે જેમાં આગલાગી હોય, અપરાધ થતો હોય, તબીબી સારવાર ની જરૂર હોય કે વાહન અકસ્માત થયો હોય તેવી ઘટનાઓ નો સમાવેશ થાય છે

૪૧૬-૮૦૮-૨૨૨૨ નો ઉપયોગ કટોકટી નાં હોય ત્યારે જેમકે ચોરી થઇ હોય, પાસપોર્ટ ગુમ થયો હોય કે છેતરપીંડી થઇ હોય ત્યારે થાય છે

૯-૧૧ કોઈ પણ ભાષા માટે કટોકટી નો નંબર છે. તમે જયારે,જ્યારે ૯-૧-૧ કરો છો ત્યારે ફોન લેનાર અ વું કહી ને જવાબ આપે છે કે " કટોકટી, તમારે પોલીસ, અગ્નિશામક કે અમ્બુલંસ ની જરૂર છે ?

જો અંગ્રેજી આપની પહેલી ભાષા નાં હોય તો ૯૧૧ ફોન લેનાર આપને પૂછશે કે તમારે કઈ ભાષા ની જરૂર છે?

તમે કોઈ કારણ સર બોલી ના શકો અથવા તમે જે ભાષા બોલો તે સમજી નાં શકાય તો ફોન લેનાર એ સરનામું મોકેલશે જ્યાં થી ફોન આવ્યો હોય

જો તમે સેલ ફોન થી વાત કરતા હોવ તો તમારે મદદ ની ક્યાં જરૂર છે તેનું વર્ણન કરવા તૈયાર રેહવું પડશે

જો ફોન લેનાર તમે જે ભાષા બોલી રહ્યા છો તે નક્કી કરી શકે તો તમને તે ભાષા ની સેવા સાથે જોડાઈ જશો
જે તમારી ભાષા જાણે છે તે ૯-૧-૧ ફોન લેનાર ને સમજાવશે કે તમારે શાની કટોકટી છે.
તામરે જેની મદદ જોઈતી હશે તે તુરંત મોકલી અપાશે.

## પોલીસ મારી ઘરે આવે ત્યારે મારે શું કરવું જોઈએ ?

એક વ્યક્તિ નું ઘર બહુ પવિત્ર હોય છે કેનેડાની અદાલત એક વ્યક્તિ નાં ઘર ની પવિત્રતા ને જાણે છે પોલીસ તમારા ઘર માં પ્રવેશ કરી શકે છે જો તેમને આમંત્રણ હોય, જયારે,જ્યારે કટોકટી ની પરિસ્થિતિ હોય જેમકે ૯-૧-૧ નો તેઓ પ્રતિભાવ આપતા હોય

જયારે કાયદાકીય દસ્તાવેજ પ્રવેશ માટે મંજુરી આપતું હોય જેમ કે શોધ માટે નો મંજુરી પત્ર

જો પોલીસ દરવાજા પર આવે તો તેમને જવાબ આપો અને તેઓ નો સ્વીકાર કરો. તેમની પ્રાથમિકતા લોકો ની સુરક્ષા નિશ્ચિત કરવાની છે

કેટલીક બાબતો માં પોલીસ અધિકારીઓ તમારી સંસ્કૃતિ ની વિવિધ પરંપરા સમજી નાં શકે કે જાણતા ના હોય તમારી જરૂરિયાત વિષે અધિકારી સાથે સંવાદ કરવો જરૂરી છે. જેમકે અધિકારી ને જણાવો જો કોઈ પ્રાર્થના સ્થળ હોય. પ્રશ્નો પૂછવા માં અચકાશો નહીં અથવા ખાસ વસ્તુઓ નું વર્ણન કરો જે અધકારી સમજી નાં શકતા હોય. યાદ

રહે અધિકારી તમારી મદદ કરવા માટે છે

## કોઈ અંગ્રેજી સમજી કે બોલી નાં શકે તો શું ?

ટોરોંટો શહેર વિશ્વ નું સૌથી વધુ સંસ્કૃતિક વિવિધતા દર્શાવતું શહેર છે. સમુદાય ના ઘણા સભ્યો માટે અંગ્રેજી બીજા સ્થાને આવતી ભાષા છે. જો આપ અંગ્રેજી ના બોલતા હોવ તો તમારે એક પરિવાર ના સભ્ય કે મિત્ર હોવા જોઈએ જે કાયદાકીય બાબતો માં મદદ કરી શકે. જો આ સંભવ નાં હોય તો ટોરોંટો પોલીસ સેવા બે ભાષા જાણતાહોય તેવા પોલીસ કર્મચારીઓ ની યાદી રાખે છે જે તમને મદદ કરી શકે

કાયદાકીય બાબતો માં તમને પૂરે પૂરી સમાજ નાં પડે કે તમે શી બાબતે સંમત થાવ છો ત્યાં સુધી કશા પર સહી નાં કરશો

## શેરી માં કોઈ અધિકારી મારી તરફ આવે તો મારે શું કરવું જોઈએ ?

પોલીસ તમને સામાન્ય રીતે ત્રણ પરિસ્થિતિ માં રોકી શકે છે

જો અધિકારી ને શંકા હોય કે તમે ગુનો કર્યો છે

જો અધિકારી તમને વાસ્તવ માં ગુનો કરતા જુવે

જો તમે વાહન ચલાવતા હોવ

પોલીસ ની ફરજ હોય છે કે ગુના રોકવા, તેનું સંશોધન કરવું અને શાંતિ સ્થાપિત કરવી. તેથી પોલીસ અધિકારીને તમે નાં જાણતા હોવ તેવી બાબતો વિષે તમારી સાથે વાત કરવા નું કેહવામાં આવે છે

આ જવાબદારીઓ માં સમાવેશ થાય છે ગુના ઓ નાં સંભવિત સાક્ષી ની અને વ્યક્તિ જે સંજોગો ને આધારે શંકાસ્પદ લાગે તેની પૂછપરછ

## શું મારે એક અધિકારી નાં સવાલો નાં જવાબ આપવા જોઈએ કે મારી ઓળખ આપવી જોઈએ?

સામાન્ય રીતે તમારે પોલીસ અધિકારી ને તમારી ઓળખ આપવાનું કોઈ દાયિત્વ હોતું નથી

તેમ છતાં આપ્વાદ છે જેમાં સમાવેશ થાય છે:

જો તમે કાર ચલાવી રહ્યા હોવ

જો તમે રાજ્ય નો દારૂ અતિક્રમણ કે વાહન ચલાવતી વખતે  કોઈ ગુનો કર્યો હોય જેમકે

આ સંજોગો માં અધિકારી ને સહયોગ આપો અને તમારી ક્ષમતા અનુસાર સવાલો નાં શ્રેષ્ઠ જવાબો આપો
જો પોલીસ ને શંકા હોય કે તમે ગુનો કર્યો છે તો તેઓ જાણવા માગશે કે તમે કોણ છો

તમે કોણ છો તે પોલીસ ને કહેવાના ઘણા કારણો છે:
જો  પોલીસ ને શંકા હોય  કે તમે ગુનો કર્યો છે તો તેઓ જાણવા માગશે કે તમે કોણ છો. આનાં ઘણા કારણો છે.....

પોલીસ બીજા કોઈ ને શોધતી હોય તો તમે ધરપકડ મુલતવી રાખવી શકો છો એ બતાવી ને કે તમે તે વ્યક્તિ નથી

જો પોલીસ એમ વિચારે  કે તમે ગુનો કર્યો છે અને તમે એમને જણાવો નહિ કે તમે કોણ છો તો એ તે કદાચ તમારી ધરપકડ કરે અને અટકાયત કરે જ્યાં સુધી એ જાણે નહિ કે તમે કોણ છો

જો પોલીસ ને લાગે કે તમે સામાન્ય ગુનો કર્યો છે અને તેમને સંતોષ થાય તે રીતે તમારી ઓળખ તેમને આપો તો તેઓ કદાચ તમારી ધરપકડ કરવા ને બદલે તમને ટીકીટ અથવા એવી સલાહ આપતી નોટીસ આપે કે ક્યારે કોર્ટ માં ઉપસ્થિત રેહવાનું છે

## ટ્રાફિક નો ગુનો

જો પોલીસ અધિકારી તમને ઉભા રેહવા નું માર્ગદર્શન આપે તો ધીમા થાવ અને શક્ય હોય તેટલી રસ્તા ની જમણી બાજુ કાર લઇ જાવ

અધિકારી તમને નિર્દેશ નાં આપે ત્યાં સુધી તમારી ગાડી ની અંદર રહો

આધિકારી ને નીચેના દસ્તાવેજ આપવા તૈયાર રહો:

અધિકૃત ડ્રાયવીંગ લાયસન્સ

વાહન અને વાહન ની પ્લેટ ની મંજુરી

અને વીમા ની સાબિતી.

જો તમને ટીકીટ મળે તો તેનો શાંતિ થી સ્વીકાર કરી લો. ટીકીટ નો સ્વીકાર કરવો તે ગુનો નથી

## મારી ધરપકડ થાય તો મારા અધિકારો શું છે?

પોલીસ તમારી ધરપકડ કરે તો કેનેડા ના અધિકારો અને સ્વતંત્રતા તમારું રક્ષણ કરે છે.
આ અધિકારો માં સમાવેશ થાય છે:

તમારી ધરપકડ થયી હોય કે તમને રોકવામાં આવ્યા હોય તો તમને તુર્તજ તેનું કારણ જણાવવાનો અધિકાર
તમને રોકવા નો અને સલાહકાર ને વિલંબ વગર જણાવવાનો અધિકાર અને અધિકાર વિષે માહિતી આપવી. આમાં મફ્ત કાયદાકીય સલાહ ક્યાં થી કેવી રીતે મળે છે તેનો સમાવેશ થાય છે. જરાય વિલંબ વગર શબ્દો નું અર્થઘટન આવી રીતે થાય છે કે પરિસ્થિતિ કાબુ હેઠળ છે અને બધા સલામત છે

જો તમારી ઉમર ૧૮ વરસ થી ઓછી હોય તો તમારી પાસે જેમ બને તેમ જલ્દી માતા પિતા અથવા બીજા યોગ્ય પુખ્તવય નાં વ્યક્તિ સાથે વાત કરવા નો વધારા નો અધિકાર છે

## જો પોલીસ માટે મારી પાસે ફરિયાદ હોય તો શું કરવું?

તમે ટોરોંટો પોલીસ સર્વીસ ની નીતિ અને સેવાઓ અથવા પોલીસ અધિકારી ના વર્તન વિષે ફરિયાદ કરી શકો છો
માત્ર એ વ્યક્તિ જેને ઘટના ની સીધી અસર થઈ હોય તે ફરિયાદ કરી શકે છે
ફરિયાદ લેખિત માં હોવી જોઈએ અને જે વ્યક્તિ એ ફરિયાદ કરી હોય તેણે સહી કરેલી જ હોવી જોઈએ
ફરિયાદ લેખિત પત્ર સ્વરૂપે અથવા સ્વતંત્ર રીતે ફેરતપાસ કરતા પોલીસ નિયામક ની ઓફીસ માં થી મળતા ફોર્મ માં હોવી જોઈએ.

OIPRD
655 Bay Street, 10th Floor
Toronto, Ontario
M5G 2K4

Toll-Free Phone: 1-877-411-4733

Local Phone: 416-246-7071

www.oiprd.on.ca

ફરિયાદ કરવાની પ્રક્રિયા ની માહિતી આપતી પત્રિકા કોઈ પણ પોલીસ સ્ટેશન માં અથવા ટોરોંટો પોલીસ સર્વીસ ની વેબ્સાઈટ www.torontopolice.on.ca પર થી મળી શકે છે

સામાન્ય રીતે ફરિયાદ ઘટના બન્યા ને છ મહિના માં થવી જ જોઈએ

## હું પોલીસ અધિકારી કેવી રીતે બની શકું?

ટોરોંટો પોલીસ સેવાને સક્રિય રીતે લોકો ની જરૂર હોય છે જે પોલીસ અધિકારી બની આપણા શહેર નાં વિવિધ સમુદાયો નું પ્રતીનીધીત્વ કરે

પોલીસ અધિકારી બનવા તમારે પોલીસ સેવા નાં કાયદા માં જે જરૂરિયાતો દર્શાવી હોય તે પૂરી કરવી જ જોઈએ

બીજી જરૂરિયાતો માં તમારે:

કેનેડા નાં નાગરિક અથવા સ્થાયી નિવાસી હોવું જરૂરી છે

ઓછા માં ઓછી ૧૮ વરસ ની ઉંમર હોવી જોઈએ

માધ્યમિક શાળા નાં ચાર વરસ અથવા તેણે સમકક્ષ સફળતા પૂર્વક પુરા કર્યા હોવા જોઈએ

સારું નૈતિક ચરીત્ર અને ટેવો હોવી જોઈએ

ક્ષમા વિના કોઈ અપરાધ નાં કર્યો હોય

શારીરિક અને માનસિક રીતે જે તે જગ્યા ની ફરજો નિભાવવા શક્તિશાળી હોય

તમારી પાસે હોવીજ જોઈએ :

૨૦ /૪૦ સામાન્ય રંગો ઓળખી શકે તેવી દ્રષ્ટિ

૬ થી ઓછા ડીમેરીટ પોઈન્ટ હોય તેવું જી લાયસન્સ

પ્રાથમિક સારવાર ની આધારભૂત તાલીમ અને સીપીઆર લેવલ ૩

વધુ માહિતી માટે ભરતી કરનાર નો ૪૧૬-૮૦૮-જોઈન પર સંપર્ક કરો
અમે આશા રાખીએ છીએ કે આ વિડિઓ માં જે માહિતી છે તેણે ટોરોંટો પોલીસ સેવા ને સમજવામાં મદદ કરી હશે

મહેરબાની કરી ને " એ ગાઈડ ટુ  ટોરોંટો પોલીસ સર્વિસ " પુસ્તિકા સાથે રાખશો...એ યાદ અપાવશે કે કટોકટી માં પોલીસ નો સંપર્ક કેવી રીતે કરવો, કટોકટી નાં હોય ત્યારે પોલીસ નો સંપર્ક કેવી રીતે કરવો અથવા પોલીસ ઉભા રાખે ત્યારે શું કરવું

મહેરબાની કરી ને યાદ રાખજો કે તમે ગમે તે ભાષા બોલતા હોવ ..પોલીસ તમારી મદદ કરવા માટે છે કટોકટી માં તમે ૯-૧-૧ ફોન કરી ને  મદદ મેળવી શકો છો